# આજે જયંત પરમારના અંગ્રેજી કાવ્ય સંગ્રહનું સમીક્ષાત્મક વકતવ્ય

### ડૉ. આંબેડકર હૉલ ખાતે સાંજે પાંચ કલાકે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

દલિત અધિકારના ચંદુ મહેરિયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે કેન્દ્રીય સાહિત્ય અકાદમીના (ઉર્દુ ભાષામાં) એવોર્ડ વિજેતા કવિ જયંત પરમારના અંગ્રેજી કાવ્યસંગ્રહ 'ઈન્કપોટ એન્ડ અધર પોએમ્સ' અંગે દલિત સાહિત્યકાર પ્રવીણ ગઢવીનું સમીક્ષાત્મક વકતવ્ય આજે તા.૩૦મી ડિસેમ્બર ૨૦૧૨ને રવિવારે સેમિનાર ખંડ, ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સાજે ૫ થી ૭ કલાક દરમિયાન યોજાશે. સાહિત્ય રસિકો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

## ખેડાલ મનસુરી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

અખિલ ગુજરાતી ખેડાલ મનસુરી સમાજ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ યાકુબભાઈ મનસુરી જણાવે છે કે, સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનો, હાજી, હાજીયાણી સાહેબોનો સન્માન સમારંભ તા. ૨૬મી જાન્યુઆરીના રોજ ટાઉનહૉલ ગાંધીનગર ખાતે યોજવાનું વિચારેલ છે.

ખેડાલ મનસુરી સમાજના જે વિદ્યાર્થીઓ ચાલુ સાલે ધોરણ-૯થી ઉચ્ચ અભ્યાસ કરેલ હોય અને ૬૦%થી વધુ માર્કસ મેળવેલ, નિમણૂંક પત્રની ઝેરોક્ષ મનસુરી ભવન આલમપુર, અથવા નજીકના કારોબારી સભ્યને આપવા જણાવેલ છે.

# અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં 'નેશનલ ઈન્ટીગ્રેશન ડે'ની ઉજવણી





ગાંધીનગર, તા.૨૯

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા સંચાલિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં ડે સેલીબ્રેશન અંતર્ગત 'નેશનલ ઈન્ટીગ્રેશન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. 'નેશનલ ઈન્ટીગ્રેશન ડે' અંતર્ગત કોલેજના એફ.વાય.બી.કોમ.ના ડી ડીવીઝન, એસ.વાય.બી. કોમના બી અને સી ડીવીઝન અને ટી.વાય.બી.કોમ.ના એ ડીવીઝનની શ્રેષ્ઠ ૩ વર્ગ તરીકે પસંદગી કરવામાં આવી હતી. અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા આજ રોજ ડે સેલીબ્રેશન અંતર્ગત 'નેશનલ ઈન્ટીગ્રેશન ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર પ્રેમ જાગૃત થાય અને ભારતમાં વિવિધતામાં એકતાનું દર્શન થાય તે હેતુથી આ ડે નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના વિવિધ રાજયોની સંસ્કૃતિ, લોક નૃત્ય, પહેરવેશ, વાનગીઓ, ઐતિહાસિક ઈમારતો, ભાષા અને રાજયતંત્ર ઉપર થીમ આધારિત ઉજવણી કરી હતી. કોલેજના ૧૫ વર્ગના ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આ ઉજવણીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શ્રેષ્ઠ ૩ વર્ગ તરીકે કોલેજના એફ.વાય. ડી ડીવીઝન, એસ.વાય. બી અને સી ડીવીઝન અને ટી.વાય. એ ડીવીઝનની પસંદગી કરવામાં આવી હતી. કોલેજના દરેક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ આ પ્રસંગે વિવિધ થીમ આધારિત ઉજવણી કરી હતી અને 'નેશનલ ઈન્ટીગ્રેશન ડે' ને મનાવ્યો હતો.

# 'વાચનેષુ કિં દરિદ્રતા?'

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૨નું સાહિત્યનાં ક્ષેત્રમાં એક વિશેષ નિમિત્તે મહત્ત્વ છે. અમેરિકાથી પ્રકાશિત તથા સાપ્તાહિક 'ન્યૂઝ વિક'નો આ દિવસે છેલ્લો અંક છે. આ સાપ્તાહિકનું મુદ્રણ બંધ થાય છે. ડિજિટલ સ્વરૂપમાં મળશે, પણ મુદ્રિત સ્થિતિમાં નહિ મળે. આ સાપ્તાહિકની વિશ્વમાં જુદા જુદા દેશોમાં સત્તર આવૃત્તિઓ હતી. સમગ્ર વિશ્વમાં એના પંદર લાખ વાચતો હતા. એમના સંપાદિકા બહેન ટીના બ્રાઉને સંપાદકીયમાં પોતાના આ વિશ્વાસુ વાચકોને અલવિદા (સાયોનારા) લખી નાખ્યું છે. આ 'ન્યૂઝવિક' સાપ્તાહિકનો પ્રથમ અંક ઈ.૧૯૩૩ થી ૧૭મી ફેબ્રુઆરીએ પ્રકાશિત થયેલો. અર્થાત્ આ સાપ્તાહિક સતત એંશી વર્ષથી ચાલુ હતું. પહેલા અંકની કિંમત ૧૦ સેન્ટ હતી અને એના મુખપૃષ્ઠ પર હતાશ હિટલરની તસ્વીર હતી. છેલ્લા અંકની કિંમત રૂા. ૧૧૦/- છે અને તેના મુખપૃષ્ઠ પર આ સાપ્તાહિકના મકાનની તસ્વીર છે.

(૨) 'દિવ્ય ભાસ્કર' જૂથના માસિક 'અહા જિંદગી'ની ગુજરાતી આવૃત્તિ પ્રકાશિત થતી હતી. 'તન-મન-જીવનને તરબતર કરતું મેગેઝિન' એવો એમનો મુદ્રાલેખ હતો. ઑગષ્ટ-૨૦૧૨માં અંક પ્રકાશિત થયો; એ એનો છેલ્લો અંક હતો.

(૩) આ જ 'અહા જિંદગી'ની હિન્દી આવૃત્તિનું પ્રકાશન ચાલુ જ છે અને ગુજરાતીમાં બધે, ગાંધીનગરમાં પણ - મળે છે.

**આ ઘટનાઓ જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં વિચારવા લાયક છે.**

(૧) વૈશ્વિક સ્તરે લોકોની વાચનરૂચિ ઓછી થતી જાય છે. દૂરદર્શન જેવા દશ્યશ્રાવ્ય માધ્યમોનો આ પ્રભાવ છે?

(૨) લોકો પુસ્તકો-સામયિકોની બાબતમાં મુદ્રણ માધ્યમ (પ્રિન્ટ મિડિયા)ને છોડીને વિજાણુ માધ્યમ (ઈલેક્ટ્રોનિક મિડિયા) તરફ ઢળતા જાય છે?

(૩) એક સામયિકનો ગુજરાતમાંથી જ ગુજરાતી વાચકો મનતા નથી અને હિન્દી વાચકો મળી રહે છે. આનો સંકેત શો સમજવો?

નૂતનવર્ષનો આપણા સૌનો સહિયારો સંકલ્પ આ હોઈ શકે - 'વાચનેષુ કિં દરિદ્રતા?' વાચનની બાબતમાં દરિદ્રતા શા માટે રાખવી? વાચન સુધરશે, તો વચન સુધરશે - અને વર્તન પણ.




### ॥ સાંપ્રત સહચિંતન ॥

- ડૉ. રશ્મિકાન્ત મહેતા

# જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એમ.ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવના ઉદ્ઘાટન કાર્યક્રમમાં મંડળના પ્રમુખ એમ.કે.ચૌધરી, મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરીએ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. રમતોત્સવમાં ૨૪ પ્રકારની રમતો રાખવામાં આવી હતી. જેમાં ૪૩૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આચાર્યશ્રી મીનાબેન ચૌધરીએ વ્યાયામનું મહત્ત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે વ્યાયામ એ પ્રેરક પરિબળ છે. કાર્યક્રમનું આયોજન અંજનાબેન ચૌધરી હંસાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી એ કર્યું હતું.

# ચૈતન્ય સ્કૂલ દ્વારા પાર્વતી હિલ્સનો પ્રવાસ



ગાંધીનગર, તા. ૨૯

ચૈતન્ય સ્કૂલ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ હિંમતનગર નજીક પાર્વતી હિલ્સનો શૈક્ષણિક પ્રવાસ યોજયો હતો. ચૈતન્ય સ્કૂલ તેમજ અમદાવાદ નેચર લવર એસોશિએશનના સંયુક્ત અભિયાન હતું. ચૈતન્ય સ્કૂલ તેના લર્નિંગ રિસોર્સ સેન્ટર દ્વારા સમયાંતરે જ્ઞાન પુરૂ પાડવા માટે કાર્યક્રમ યોજે છે. પાર્વતી હિલ્સની પ્રવાસમાં કુદરતી ખાદ્ય સામગ્રી, પક્ષીઓનું અવલોકન કરાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ટ્રેકિંગ, બર્ડ વૉચિંગ, નાઈટ સ્કાઈ ગેઝિંગ, તંબુમાં વીજળી વગર રાત્રી રોકાણ કરવામાં આવ્યો હતો.

# એમ. બી. પટેલ અંગ્રેજી માધ્યમ શાળાનો એન.એસ.એસ. કેમ્પ સંપન્ન

### આવી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા શાળાના વિદ્યાર્થીઓ પણ આ કેમ્પમાં ઉપસ્થિત રહ્યા



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની એમ.બી. પટેલ અંગ્રેજી માધ્યમ શાળાનો એન.એસ.એસ. કેમ્પ તાજેતરમાં ઈન્દ્રોડા મુકામે યોજાયો હતો. એન.એસ.એસ. કેમ્પમાં શાળાના ભૂતકાળમાં ભણીને ગયેલા અને આવી વિશિષ્ટ કામગીરીમાં અગ્રેસર રહેલા વિદ્યાર્થીઓ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. વર્ષા પારેખના જણાવ્યા અનુસાર તા.૨૧મી ડિસેમ્બરથી ૨૭મી ડિસેમ્બર દરમિયાન એન.એસ.એસ. કેમ્પનુ આયોજન ઈન્દ્રોડા ગામે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ઈન્દ્રોડા પ્રાથમિક શાળાના આચાર્યા માયાબહેન પટેલ અને તમામ કર્મચારીગણ તથા ગ્રામજનોએ ખૂબ જ સાથ સહકાર આપ્યો હતો. આ પ્રસંગે ખાસ તો લાયોનેસ કલબના સહકાર સાથે આંખોની તપાસ અને રાહત દરે ચશ્મા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. બ્લડપ્રેશર, ડાયાબિટીશ ચેક અપ તથા પેપ ટેસ્ટ જેવા આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ૮૦૦થી વધુ ગ્રામજનોએ લાભ લીધો હતો. અમદાવાદ કેન્સર સોસાયટીમાંથી આવેલા ગાયનેક ડોકટરોએ ગામની બહેનોના પેપટેસ્ટ તથા સ્ત્રીઓને લગતી બિમારી અંગે ખાસ માર્ગદર્શન આપ્યું હતું. જરુરી જણાતી બહેનોના ફોન નંબર લઈ અમદાવાદ ચેક અપ માટે બોલાવવામાં આવી હતી.

પેથાપુર કૌશલ્યવર્ધન કેન્દ્રમાંથી અમિતા હુસાંગ પારેખે બહેનો માટેની સ્વરોજગારની પ્રવૃત્તિઓ અને રોજગારલક્ષી તકો વિશે વાત કરી હતી.

ગામની મુલાકાત, કિલ્લો, દર્ગા, ઈન્દ્રાણી માતાનું મંદિર જેવા સ્થળોની ખાસ મુલાકાત લેતા વિદ્યાર્થીઓએ ઈન્દ્રોડા શાળાના બાળકોને અંગ્રેજી ભાષાનું શિક્ષણ, પિરામિડ, રમત ગમત તથા દેશભકિત ગીતો પણ શીખવાડયા હતા. એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કરી વૃક્ષોનું જતન કરવા નાના બાળકોને પ્રેરિત કર્યા હતા.

સંપૂર્ણ કેમ્પ દરમિયાન વિદ્યાર્થીઓએ સુંદર પ્રાર્થના અને સંસ્કૃત શ્લોકોના મધુર ઉચ્ચારણ દ્વારા શાળાના વાતાવરણને પવિત્ર બનાવ્યું હતું. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શાળા પરિવારે આ પ્રવૃત્તિને બિરદાવતાં અભિનંદન પાઠવ્યા હતાં.

# કીડ ઝીનાં બાળકો રેલવે સ્ટેશનની મુલાકાતે



ગાંધીનગર, તા. ૨૯

કીડ ઝી પ્લે સ્કૂલ દ્વારા સંસ્થાના બાળકોને આજે ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.

બાળકોમાં રેલવે સ્ટેશન અને ટ્રેન જોવાનું આકર્ષણ સવારથી જ જોઈ શકાતું હતું. ટ્રેન જોવા મળશે ને એમાં બેસવાય મળશે એવી મંશા સાથે બાળકો ઉત્સાહભેર આ નાનકડા પ્રવાસમાં જોડાયા હતા.

સવારે રેલવે સ્ટેશને પહોંચતાં જ ઈન્દોરથી આવી રહેલી શાંતિ એક્સપ્રેસને જોતાં બાળકો ખુશખુશાલ થઈ ગયા હતા અને એમણે હર્ષનાદથી આવતી ટ્રેનને વધાવી લીધી હતી.

એ પછી બાળકોએ સમગ્ર સ્ટેશન અને ટ્રેનની પણ મુલાકાત લીધી હતી. સ્ટેશન માસ્ટર દ્વારા બાળકોને ટ્રેન કઈ રીતે ચાલે છે તે અંગેની માહિતી સરળ ભાષામાં આપવામાં આવી હતી. રેલવે સ્ટેશન પર સૌ બાળકો સમૂહમાં નાસ્તો કરીને આ યાદગાર મુલાકાત મનમાં સંઘરીને પરત ફર્યા હતા.

### ગીતા પ્રચાર-પ્રસાર માનવસેવાના ભેખધારી ગીતા મંદિરોના અધ્યક્ષશ્રી

# બ્રહ્મલીન પૂજય સ્વામીશ્રી મંગલાનંદજી મહારાજશ્રીને અંજલિ

### નર્મદાના તટ પર રહી આધ્યાત્મિક ચિંતન અને જીવન ઉન્નતિના માર્ગમાં મગ્ન રહેતા, સ્વામીજીએ કર્મયોગને ધ્યાનમાં રાખીને સ્વામી વિદ્યાનંદજી તપસ્થલીને સુંદર બનાવી, વાટિકાનું નિર્માણ કર્યું, અને દર્દીઓની સેવા માટે વૈધકિય જ્ઞાન મેળવ્યું



### પ્રાસંગિક

- શિવશંકર દવે

ગુજરાત અને દેશવિદેશમાં ગીતા મંદિરોના અધ્યક્ષ સ્વામી શ્રી મહામંડલેશ્વર ૧૦૦૮ મંગલાનંદજીનું નિધન તા. ૨૬.૧૨.૧૨ બુધવારને નાગપુર ખાતેના ગીતા મંદિરમાં થયું. સમગ્ર ગુજરાત અને દેશ વિદેશમાં ગીતો મંદિરો અને તેમના ભક્તોમાં શોકની લાગણી છવાઈ. સ્વામીજી ભારત સાધુ સમાજના પણ અધ્યક્ષ હતા. વડોદરા, કરનાલી અને મહેસાણા જીલ્લાના કડીમાં પણ ગીતામંદિરો છે. સ્વામીજીએ ગીતા પ્રચાર અને તેની સાથે ગૌસેવા તેમજ સામાજિક અને વૈધકીય સેવાઓ કરીને અનન્ય નામના મેળવી છે. દેશ અને વિદેશમાં સેવકો છે.

ગીતા મંદિરના પ્રથમ સ્થાપક સ્વામી શ્રી વિદ્યાનંદજી મહારાજશ્રી છે. પ્રભુદર્શનની ઉત્કંઠાથી દેશનું પરિભ્રમણ કર્યું. ગીતાનો અભ્યાસ કર્યો. સ્વામીજી અમદાવાદમાં આવી ગીતા અંગેની કથા કરતા. આખ્યાન આપતા. અમદાવાદના પ્રભુભક્ત ઉમલ માલિકાના સહકારથી અમદાવાદમાં ગીતા મંદિર બાંધવાનો સંકલ્પ થયો અને પરિણામે અમદાવાદમાં ગીતામંદિરની સ્થાપના થઈ. સ્વામી વિદ્યાનંદજી મહારાજશ્રીએ ભગવતી ગીતાને માંના સ્વરૂપમાં મંદિરમાં પ્રસ્થાપિત કરીને 'એક નવા સ્વરૂપમાં શ્રીમદ્ ગીતાજીનાં દર્શન કરાવ્યાં.' સ્વામીજીએ ગુજરાત, દેશવિદેશમાં ગીતાના પ્રચાર અર્થે ઘણું કાર્ય કર્યું. પરંતુ મા ભગવતી ગીતાને મૂર્તિ સ્વરૂપે સ્થાપિત કરવાનું કાર્ય સ્વામી વિદ્યાનંદજી સ્વામીજીનું નિર્વાણ થતાં સ્વામી શ્રીએ પૂજય સદાનંદજી મહારાજશ્રીને ઉત્તરાધિકારી નિમાયા. તેઓશ્રી પણ ગીતા પ્રચાર અને માનવ સેવાનાં કાર્યો કર્યા.

સ્વામીશ્રી સદાનંદજીના નિર્વાણ પછી સ્વામી મંગલાનંદજી ઉત્તરાધિકારી નિમાયા. સ્વામી મંગલાનંદજી મહારાજશ્રી નાની ઉંમરથી અખાડાના સંતો અને મહંતો સાથે પરિચયમાં આવ્યાં. ત્યારબાદ નર્મદાના તટ પર રહી આધ્યાત્મિક ચિંતન અને જીવન ઉન્નતિના માર્ગમાં મગ્ન રહેતા. સ્વામીજીએ કર્મયોગને ધ્યાનમાં રાખીને સ્વામી વિદ્યાનંદજી તપસ્થલીને સુંદર બનાવી. વાટિકાનું નિર્માણ કર્યું. અને દર્દીઓની સેવા માટે વૈધકિય જ્ઞાન મેળવ્યું.

સંન્યાસી હોવા છતાં માનવસેવા વૈધકીય સારવાર સામાન્ય લોકોને મળી શકે તે ધ્યેયને લક્ષ્યમાં રાખી અમદાવાદની આયુર્વેદ મહાવિદ્યાલય સ્વામીએ બી.એસ.એ. એમ.નો અભ્યાસ કર્યો. અને પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પાસ કરી. વૈધકિય વિશેષ જ્ઞાન મેળવી દર્દીઓની સેવા શરૂ કરી.

સ્વામીશ્રી વિદ્યાનંદજી મહારાજ સ્થાપિત ઔષધાલયને એક નવું સ્વરૂપ આપી ગુજરાત, દેશ, વિદેશમાં તેમની વૈધકિય સારવારથી પ્રસિદ્ધિ મેળવી. પોતાના અભ્યાસકાળ દરમિયાન જ એશિયાઈ દેશો બર્મા, મલેશિયા, તાઈપેઈ, હોંગકોંગ, જાપાન, સિંગાપુર, આદિ સ્થાનોમાં ગીતા પ્રચાર અને પ્રસાર કર્યો. આજે દેશમાં અને વિદેશમાં ગીતામંદિરો છે.

અમદાવાદમાં ગીતામંદિરમાં જાવ ત્યારે સ્વામીજીના દર્શને જતા. તેઓ ભક્તોને આવકારતા. અમદાવાદમાં નિવાસ દરમિયાન ગીતા, ભાગવતના પ્રવચનો પણ આપતા, એકવાર તેમના પરિચયમાં આવેલાં ભક્તોને તેઓ પ્રેમથી આવકારતા. દરેક ભક્તને ગીતા વાંચન માટે જણાવતા, પ્રશ્નોનું સમાપન કરતા, ગીતાના અભ્યાસી, પ્રભાવશાળી શરીર, સૌષ્ઠવ, મધુર વાણીથી ભક્તો વારંવાર સ્નેહથી તેમને મળવા આવતા. અમદાવાદનું ગીતા મંદિર એક સમયનું મોટું તીર્થધામ હતું. ૬૦ વર્ષ પહેલાં ઉત્તર ગુજરાત અને બીજેથી અનેક ભક્તો દર્શને આવતા. મારા સ્વ. પિતા ડાહ્યારામ સ્વામી વિદ્યાનંદજીના દર્શને આવેલા અને મને સાથે લઈ ગયેલા. જેથી દર્શનનો લાબ મળ્યો. ગીતા મંદિર નજીક રહેતો હોવાથી સ્વામી મંગલાનંદજીના પરિચયમાં આવવાનું થયું. મારા પુસ્તકોમાં સ્વામીશ્રીએ તેમના સ્વ હસ્તાક્ષરમાં શુભેચ્છા પાઠવી છે તે મારૂં સદ્ભાગ્ય છે. વંદન છે સ્વામીને તથા ગુરૂને.